| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬.૦૭.૨૦૨૪ | | |
| નોંધણી તારીખ | ૦૬.૦૭.૨૦૨૪ | | |
| ફેસલ તારીખ | ૨૪.૦૪.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૧૮ |

---

ભરૂચના સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ

---

**<u>ક્રિમીનલ રીવીઝન અરજી નંબર : ૪૩/૨૦૨૪</u>**

**<u>આંક– .</u>**

અરજદાર :– (૧) વિજયભાઇ જશુભાઇ પટેલ
(૨) સંગીતાબેન વિજયભાઇ પટેલ
બંને રહે. સ્વામીનારાયણ ફળીયુ, ઝાડેશ્વર, ભરૂચ

...વિરૂધ્ધ...

સામાવાળા :–(૧) ફાલ્ગુનીબેન તે ચેતનભાઇ પટેલની વિધવા
રહે. કાકા ટ્રાવેલ્સ ફળીયુ, ઝાડેશ્વર, ભરૂચ
(૨) શ્રી સ ર કા ર

બાબત :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮,૪૪૦ મુજબની
ક્રિમીનલ રીવીઝન અરજી.

---

અરજદારો તરફે વિ.વકીલશ્રી જી.વી.જટ્ટા
સામાવાળા નં. ૧ તરફે વિ.વકીલશ્રી અશ્વિન ખંભાતા
સામાવાળા નં.૨ તરફે વિ.એ.પી.પી.સુશ્રી એન.એમ.મિસ્ત્રી

---

**<u>–:: ચુ કા દો ::–</u>**

૧. આ કામના અરજદારે સદરહું ફેરતપાસ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮,૪૪૦ મુજબ દાખલ કરેલ છે અને તે ધ્વારા ભરૂચના વિ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીએ ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૮૯/૨૦૧૯ ના કામે આંક–૧ ની અરજી હેઠળ તા.૨૩.૦૪.૨૦૨૪

ના રોજ હુકમ કરી ફરિયાદને ક્રિમીનલ કેસ તરીકે નોંધી આરોપી નં. ૧ અને ૨ સામે ઈ.પી.કોડની કલમ–૪૨૦,૪૦૬,૪૯૮(ક),૫૦૬(૨), ૫૦૪,૧૧૪ મુજબના ગુન્હાઓ સમન્સ કાઢવાનો હુકમ કરેલ છે તે હુકમને પડકારેલ છે.

૨. સદરહુ ફેરતપાસ અરજી દાખલ થતા સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલી અને તે નોટીસના આધારે સામાવાળાઓ તેઓના વિ.વકીલશ્રીઓ મારફતે હાજર થયેલા છે.

૩. ફરિયાદીની ફરિયાદ હકીકત ટુંકમાં એવી છે કે, ફરિયાદી પોતાના સગીર બાળકો સાથે રહે છે અને વિધવા તરીકે જીવન ગુજારે છે. ફરિયાદીના પતિ ચેતનભાઇ પ્રવિણભાઇ પટેલ તા.૨૨.૦૩.૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ છે. ફરિયાદીના આરોપી નં. ૧ નણદોઇ છે અને આરોપી નં. ૨ નણંદ છે. આરોપી નં. ૩ સસરા થતા હતા જેઓ ગુજરી ગયા છે. ફરિયાદી પોતાનુ ઘર છોડી ચાલ્યા જાય તે માટે ફરિયાદીના ઘરે આરોપીઓ આવી મહેણા ટોણા મારી માનસિક ત્રાસ આપી રહયા છે. ફરિયાદીના પતિ ધંધો કરતા હતા. આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરિયાદી સાથે મીઠી મીઠી વાતો કરી તમામ ચોપડા અને તમામ હિસાબ કિતાબ લઈ લીધેલા અને આરોપી નં. ૧ અને ૨ નાએ ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરી કોની કોની પાસેથી પૈસા લેવાના છે કે આપવાના છે તે બાબતની તમામ વિગત ફરિયાદી પાસેથી મેળવી લીધેલી અને ફરિયાદીએ આરોપીઓ ઉપર ભરોસો મુકી તમામ માહિતી આપી દીધેલ. જેથી ફરિયાદીના પતિના ધંધાની લેવડ–દેવડનો હિસાબ–કિતાબ આરોપી નં. ૧, ૨ રાખવા લાગેલા પરંતુ આરોપીઓ એક યા બીજા બહાના હેઠળ સમય પસાર કર્યે જતા હતા. ફરિયાદીને પૈસાની ખુબ જ જરૂર હોવાથી ફરિયાદીએ આરોપીઓ પાસે હિસાબ માંગતા આરોપીઓએ ફરિયાદી સાથે ઝઘડો કરી જણાવેલ કે 'તને પૈસા મળશે નહી, તુ તારે છોકરાઓને લઈને ચાલવા માંડ, તારો પતિ ગયો અને બધુ ગયુ તેમ સમજીને અહીંથી નીકળી જા' અને આરોપી નં. ૧ નાએ ધમકી આપેલ કે જો પૈસા કે ધંધાનો હિસાબ

માંગશે તો તારૂ જીવવાનું મુશ્કેલ કરી નાંખીશું તેમજ તને સમાજમાં બદનામ કરી નાંખીશું. ફરિયાદી અને તેઓના બાળકો ભુખે મરી જઈએ તે માટેના આરોપીઓ પ્રયત્ન કરે છે અને ફરિયાદીને અલગ મકાનમાં ભાડેથી રહેવા ચાલ્યા જવા માટે દબાણ કરતા આવેલા છે. આરોપીઓએ ફરિયાદી સાથે છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરેલ છે અને ફરિયાદીને આરોપીઓ ધમકી આપે છે કે જો બહુ ચાલશે તો તને મારી નાંખીને અમેરીકા ચાલ્યા જઈશું તો કોઈને ખબર પણ પડશે નહી. ફરિયાદીએ અગાઉ ફરીયાદ આપેલ તે વખતે આરોપીઓ અમેરીકા ભાગી ગયેલા અને થોડા સમયથી આરોપી ભારત આવેલા છે અને ફરિયાદીને ખુબ જ ત્રાસ આપે છે. ઓરાપીઓ વિદેશ જાય છે ત્યારે ત્યાંથી પણ ફોન પર ગંદી ગાળો બોલી માનસિક ત્રાસ આપતા આવેલા છે. ફરિયાદીએ ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી, પરંતુ આરોપીઓ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. આમ, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ૪૨૦,૪૦૬, ૪૯૮(ક),૫૦૬(૨),૫૦૪ તથા ૧૧૪ મુજબનો ગંભીર ગુન્હો કરેલ હોવા બાબતની વિ.ટ્રાયલ કોર્ટમાં ફરિયાદ આપી આરોપીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા દાદ માંગેલ છે.

૪. વિ.ટ્રાયલ કોર્ટે ફરિયાદીની ફરિયાદ કોર્ટ ઇન્કવાયરીમાં રાખવાનો હુકમ કરી ફરિયાદીનું વેરીફીકેશન લીધેલ તેમજ સાહેદોનો પુરાવો નોંધેલ. ફરિયાદીએ વેરીફીકેશનમાં ફરિયાદ હકીકતોને સમર્થન કરેલ હોઇ તેમજ સાહેદોએ પણ સમર્થન કરેલ હોઇ વિ.ટ્રાયલ કોર્ટે ફરિયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪ મુજબ આરોપી નં. ૧ અને ૨ સામે ઇ.પી.કોડની કલમ–૪૨૦,૪૦૬, ૪૯૮(ક),૫૦૬(૨),૫૦૪,૧૧૪ મુજબનો પ્રોસેસ કાઢવાનો હુકમ તા.૨૩.૦૪.૨૦૨૪ ના રોજ કરેલ છે. જે હુકમથી નારાજ થઇ આ કામના અરજદારો/મુળ આરોપીઓએ હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

૫. અરજદારોના વિ.વકીલશ્રીએ આંક–૧ ની રીવીઝન અરજીમાં જણાવેલા કારણો મુજબની રજુઆતો કરેલ છે અને વિશેષમાં રજુઆત કરેલ છે કે વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનો છે. વિ.ટ્રાયલ કોર્ટે ઇલેકટ્રોનીક પુરાવો ધ્યાને લીધા વિના હુકમ કરેલ છે. ફરિયાદીએ કિન્નાખોરી રાખીને અને બદનામ કરવાના ઈરાદે ખોટી હકીકત જણાવી ફરિયાદ દાખલ કરેલ છે. ફરિયાદી ધ્વારા રજુ કરવામાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ/અરજદારો સામે કોઈ ગુન્હા સબબ પ્રોસેસ ઈસ્યુ કરી શકાય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી તેમ છતાં આરોપીઓ/ અરજદારો સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે તે ભુલ ભરેલો છે. આક્ષેપીત ગુન્હાના કોઇ આવશ્યક તત્વો ફરિયાદી ધ્વારા રજુ કરવામાં આવેલા પુરાવામાં જણાઇ આવતા નથી. ફરિયાદીએ પોતાના મૌખિક પુરાવામાં ફરિયાદ હકીકતો કરતા વધારાની હકીકતો જણાવેલી છે અને વિરોધાભાસી હકીકતો જણાવેલી છે. આરોપીઓએ કેવા પ્રકારની ગાળો આપી, કેવા પ્રકારની ધમકીઓ આપેલી તેવી કોઇ હકીકત જણાવેલ નથી. પક્ષકારો વચ્ચેની તકરાર કૌટુંબીક છે અને દિવાની પ્રકારની છે. ફરિયાદી ધ્વારા પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલી ફરિયાદમાં કોઇ તથ્ય નહી જણાતા ફાઈલે કરવામાં આવેલી અને ત્યારબાદ હાલની ખોટી ફરિયાદ કરેલ છે. ધંધાના શું હિસાબ કિતાબ હતા તે બાબતે કોઇ સ્પષ્ટ હકીકતો ફરિયાદીએ જણાવેલ નથી. આમ, આરોપીઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલા પુરાવા નહી હોવા છતાં વિ.ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે તે હુકમ ભુલ ભરેલો અને કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો હોઈ રદ કરવા રજુઆત કરેલ છે. અરજદારોના વિ.વકીલશ્રીએ નીચે મુજબના ચુકદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. (૨૦૧૪) ૧૨ સ્કેલ ૪૬૫ – બિનોદ કુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર

૨. (૨૦૦૮) ૧૬ સ્કેલ ૬૨ – મહિન્દ્ર એન્ડ મહિનદ્ર

ફાયનાન્શીઅલ સર્વિસ લી. વિરૂધ્ધ રાજીવ દુબે

૩. (૨૦૦૯) ૯ સ્કેલ ૨૫૫ – દલીપ કૌર વિરૂધ્ધ જગનાર સિંહ

૪. (૨૦૦૭) ૪ સ્કેલ ૪૬૨ – બિશ્વજીત હલદર ઉર્ફે બાબુ હલદર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ

૫. (૨૦૧૩) ૯ સ્કેલ ૫૬૦ – કાંતીલાલ મરતાજી પાંડોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૬. ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૧૦૯૬/૨૦૨૫ ( સ્પે.(ક્રિમી.) નં. ૯૭૪૪/૨૦૨૪)

૬. સામાવાળા નં. ૧ તરફે રજુઆત છે કે આ કામના સામાવાળા નં. ૧ નાઓ ફરિયાદના કામે ફરિયાદી છે અને ભોગ બનનાર છે. આ કામના અરજદાર નં. ૧ અને ૨ નાઓ ફરિયાદીના નણંદોઈ અને નણંદ છે. ફરિયાદીના પતિ ગુજરી ગયા બાદ આરોપીઓએ ફરિયાદીના પતિનો ધંધો લઇ લીધેલો અને ફરિયાદીની પાસેથી બધા દસ્તાવેજો વિશ્વાસઘાત કરીને લઇ લીધેલા અને ફરિયાદીના પતિએ જે લોકો પાસેથી નાણા લેવાના હતા તે લોકો પાસેથી આરોપીઓએ નાણા મેળવી લીધેલા છે અને ફરિયાદીને પરત કરેલ નથી. આ ઉપરાંત આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપેલ છે અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ છે. વિ.ટ્રાયલ કોર્ટમાં ફરિયાદી અને સાહેદોએ પોતાની જુબાનીઓમાં ફરિયાદ હકીકતોને સમર્થનકારક હકીકતો જણાવતા અને આરોપીઓ સામે પ્રોસેસ ઇસ્યુ કરવા જેટલા પુરાવા રેકર્ડ ઉપર આવતા વિ.ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામે ક્રિમીનલ કેસ નોંધી પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલ છે. ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી પરંતુ પોલીસ સ્ટેશન તરફથી કોઈ યોગ્ય તપાસ કરવામાં આવેલી નહી. આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ ઇસ્યુ કરવા જેટલા પ્રથમ દર્શનીય પુરાવા રજુ થાય તો તે સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી થઇ શકે છે અને પુરાવો નોંધ્યા સિવાય ફરિયાદનો નિર્ણય થઇ શકે નહી. તેઓની વધુમાં રજુઆત છે કે અરજદાર તરફથી જે રજુઆતો કરવામાં આવેલી છે તે પુરાવાનો વિષય છે અને પુરાવો

નોંધી ટ્રાયલ પુર્ણ કર્યા સિવાય અરજદાર/આરોપીઓને બીનતહોમત છોડી શકાય તેમ નથી અને હાલના તબકકે પુરાવાનું મૂલ્યાંકન થઈ શકે તેમ નથી. જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ ભુલ ન હોઈ હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૬.૧ સામાવાળા નં.૨ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે વિ.ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે હુકમમાં કોઇ ક્ષતિ કે કાયદાકીય ભુલ જણાતી નથી. વિ.ટ્રાયલ કોર્ટે પુરતા કારણો આપીને હુકમ કરેલ હોઇ તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત રહેતી ન હોઇ વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખવા રજુઆત કરેલ છે.

૭. અરજદારની હાલની ફોજદારી ફેરતપાસ અરજીનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ભરૂચના વિ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીએ ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૮૯/૨૦૧૯ ના કામે આંક−૧ ની અરજી નીચે ફરિયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધી આરોપીઓ/અરજદારો સામે ઈ.પી.કોડની કલમ−૪૨૦, ૪૦૬,૪૯૮(ક),૫૦૬(૨),૫૦૪,૧૧૪ મુજબના ગુન્હાનો સમન્સ કાઢવાનો તા.૨૩.૦૪.૨૦૨૪ ના રોજ કરેલ હુકમ ભુલ ભરેલો છે ? અને તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે ?

૨. શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**<u>−:: કા ર ણો ::−</u>**

**<u>મુદ્દા નંબર : ૧ ની ચર્ચા:</u>**

૯. જ્યારે સેસન્સ અદાલત સમક્ષ વિ.ટ્રાયલ કોર્ટનો કોઈ હુકમ ક્રિ.પ્રો.કોડની કલમ−૩૯૭ નીચે પડકારવામાં આવે ત્યારે તે વાદગ્રસ્ત

હુકમ ભુલ ભરેલો અને કાયદાની જોગવાઈ વિરુધ્ધનો છે કે કેમ તે જોવાનું રહે છે. આ કામના અરજદારે હાલની ફેરતપાસ અરજી કિ.પ્રો.કોડની કલમ–૩૯૭ હેઠળ દાખલ કરેલ છે. જેથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૯૭ ની જોગવાઈઓ અને ઉપરોકત હકીકતો ધ્યાને રાખી ફેર તપાસ અરજીના કામે નિર્ણય કરતી વખતે અદાલતે ખુબ જ મર્યાદિત સત્તાનો ઉપયોગ કરીને મુદ્દાનો ન્યાયીક નિર્ણય કરવાનો રહે છે.

૧૦. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લીધી. હાલની અરજી, વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તથા વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે ધ્યાને લીધેલ છે. આ કામે ફરિયાદ હકીકત જોવામાં આવે તો મુળ આરોપીઓ સામે મુળ ફરિયાદી ધ્વારા ઈ.પી.કોડની કલમ–૪૨૦,૪૦૬, ૪૯૮(ક),૫૦૬(૨),૫૦૪,૧૧૪ મુજબની વિ.ટ્રાયલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલી. જે ફરિયાદના કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૨ હેઠળ ફરિયાદને કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલો. ત્યારબાદ ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવતા પોલીસ ઈન્સ્પેકટરશ્રીને તેમના સમક્ષની ફરિયાદ અંગે રીપોર્ટ કરવાનો હુકમ તા.૨૧.૧૧.૨૦૧૯ ના રોજ કરેલો. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાંથી રીપોર્ટ રજુ થયેલો. ત્યારબાદ વિ.ટ્રાયલ કોર્ટે મુળ ફરિયાદી/આ કામના સામાવાળા નં.૧ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો તેમજ તેઓએ રજુ કરેલ સાહેદોનો પુરાવો નોંધી તા.૨૩.૦૪.૨૦૨૪ ના રોજ ફરિયાદને ક્રિમીનલ કેસ તરીકે નોંધી આરોપીઓ એટલે કે આ કામના અરજદારો સામે ઈ.પી.કોડની કલમ–૪૨૦,૪૦૬,૪૯૮(ક), ૫૦૬(૨),૫૦૪,૧૧૪ મુજબનો સમન્સ કાઢવાનો હુકમ કરેલ છે. આરોપીઓ સામેની આક્ષેપીત હકીકતો ધ્યાને લેતાં, ફરિયાદીના પતિ તા.૨૨.૦૩.૨૦૧૮ ના રોજ ગુજરી ગયા પછી ફરિયાદી પોતાના બાળકો સાથે વિધવા તરીકે પોતાના પતિના ઘરે જીવન જીવતા હોવાથી અને ફરિયાદી ઘર છોડીને ચાલ્યા જાય તે માટે આરોપીઓ ગમે તે બહાને મહેણા ટોણા મારી ત્રાસ આપતા આવેલા છે તેમજ ફરિયાદીના પતિના

ધંધાના હિસાબ કિતાબના ચોપડા ખોટી રીતે વિશ્વાસ સંપાદન કરીને લઇ લીધેલા. ફરિયાદીએ આરોપીઓ ઉપર વિશ્વાસ અને ભરોસો મુકી ધંધાની તમામ માહિતી આપી દીધેલ તેમજ લેવડ દેવડના હિસાબ કિતાબ પણ આપી દીધેલ. ત્યારબાદ ફરિયાદીએ આરોપીઓ પાસે હિસાબ માંગતા આરોપીઓએ ફરિયાદી સાથે ઝઘડો કરી જણાવેલ કે તને પૈસા મળશે નહી, તુ તારા છોકરાઓને લઇને ચાલવા માંડ, તારો પતિ ગયો અને બધુ ગયુ તેમ સમજીને અહીંથી નીકળી જા. આરોપી નં. ૧ નાએ ધમકી આપી જણાવેલ કે જો પૈસા કે ધંધાના હિસાબ માંગશે તો તારૂ જીવવાનું મુશ્કેલ કરી નાંખીશું તેમજ સમાજમાં બદનામ કરી નાંખીશું. આરોપીઓએ એવી પણ ધમકી આપેલ કે બહુ ચાલશે તો તને મારી નાંખીને અમેરીકા ચાલ્યા જઇશુ તો કોઇને ખબર પણ પડશે નહી. વિ.ટ્રાયલ કોર્ટના રેકર્ડમાં નિ.૩/૧ થી રજુ થયેલ ફરિયાદ હકીકત જોતાં ફરિયાદીએ આરોપીઓ સામે જિલ્લા પોલીસ અધિક્ષકને તા.૧૧.૧૦.૨૦૧૯ ના રોજ આ બાબતે ફરિયાદ કરેલ હોવાનું જણાય છે. વિ.ટ્રાયલ કોર્ટમાં ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી પી.વી.વસાવાએ રીપોર્ટ રજુ કરી જણાવેલ છે કે પક્ષકારો વચ્ચે મિલકત બાબતનો ઝઘડો હોઇ દિવાની બાબત છે. પરંતુ વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક–૧૨ થી ફરિયાદી ફાલ્ગુનીબેન ચેતનભાઇ પટેલની જુબાની નોંધવામાં આવેલી. ફરિયાદીએ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદ હકીકતોને સમર્થનકારક હકીકતો જણાવેલ છે આ ઉપરાંત વિ.ટ્રાયલ કોર્ટમાં બીજા સાત સાહેદો (૧) નરેશભાઇ માનાભાઇ મકવાણાની આંક–૧૪ થી, (૨) હર્ષદભાઇ ગોરધનભાઇ પટેલની આંક–૧૯ થી, (૩) આઝાદકુમાર હર્ષદભાઇ પટેલની આંક–૨૦ થી, (૪) પંકજભાઇ નગીનભાઇ પટેલની આંક–૨૧ થી, (૫) સોનલબેન પંકજભાઇ પટેલની આંક–૨૨ થી, (૬) નગીનભાઇ ભાયલાલભાઇ પટેલની આંક–૨૩ થી તેમજ (૭) પાર્થ વાસુદેવભાઇ પટેલની આંક–૨૪ થી જુબાનીઓ નોંધવામાં આવેલી. જે તમામ સાહેદોના પુરાવા જોતાં ફરિયાદીના પતિને કેટલાક ઇસમો પાસેથી નાણા લેવાના

નીકળતા હતા તેમજ આરોપીઓ ધ્વારા ફરિયાદી સાથે ઝઘડો કરી મારઝુડ કરતા હોવાનું તેમજ અપશબ્દો બોલતા હોવાનું અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા હોવાનું તેમજ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે. જેથી આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૪૨૦,૪૦૬, ૪૯૮(ક),૫૦૬(૨),૫૦૪,૧૧૪ મુજબનો પ્રોસેસ ઈસ્યુ કરવા માટેના પ્રથમ દર્શનીય રીતે પુરાવા હોવાનું જણાય છે. હાલના કેસની હકીકતો ધ્યાને લેતાં અરજદારો તરફે રજુ કરવામાં આવેલા ન્યાયીક ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોનો લાભ આ કામના અરજદાર/મુળ આરોપીઓને મળી શકે તેમ નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જો અદાલત સમક્ષ આરોપીઓની સંડોવણી જણાવતા પુરાવા ફરિયાદી તથા ફરિયાદીના સાહેદોની જુબાનીઓ ધ્વારા કે દસ્તાવેજી પુરાવા ધ્વારા મળી આવતા હોય અને ઈન્સાફી કાર્યવાહી ચલાવવા જેટલા પ્રથમ દર્શનીય પુરાવા જણાતા હોય તો આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ થઈ શકે છે. આ કામે અરજદારો તરફથી જે રજુઆતો કરવામાં આવેલી છે તે તેમનો બચાવ હોઈ શકે છે, જે પુરાવાનો વિષય છે અને પુરાવો નોંધી ટ્રાયલ પુર્ણ કર્યા સિવાય અરજદાર/આરોપીઓને બીનતહોમત છોડી શકાય તેમ નથી અને હાલના તબકકે પુરાવાનું મૂલ્યાંકન થઈ શકે તેમ નથી. ઉપરોકત સંજોગોમાં વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીઓ સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે તે ન્યાયોચીત જણાય છે અને તેમાં કોઈ ભુલ જણાતી નથી જેથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ હસ્તક્ષેપને પાત્ર જણાતો નથી. જેથી મુદ્દા નંબર : ૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

(૧) અરજદારો/મુળ આરોપીઓ નં. ૧ અને ૨ ની હાલની ફોજદારી ફેરતપાસ અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ભરૂચના વિ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીએ ક્રિમીનલ ઈન્કવાયરી નં.૮૯/૨૦૧૯ ના કામે તા.૨૩.૦૪.૨૦૨૪ ના રોજ ફરિયાદને ક્રિમીનલ કેસ તરીકે નોંધી આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૪૨૦, ૪૦૬, ૪૯૮(ક), ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ મુજબના ગુન્હાનો સમન્સ કાઢવાનો હુકમ કરેલ છે તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ વિ.ટ્રાયલ કોર્ટને રેકર્ડ સાથે તાત્કાલીક મોકલી આપવી.

હુકમ આજ તારીખ ૨૪મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૪.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨